# ગુજરાત વર્લ્ડ હેરિટેઝ સાઈટ: ઐતિહાસિક દ્રષ્ટિએ અવલોકન

**અનિલ એમ. રાઠોડ**
**એમ.ફીલ રિસર્ચ સ્કોલર**
**એમ. કે. ભાવનગર યુનિવર્સીટી**

આપણી ભારતિય સંસ્કૃતિ આદિકાળથી ખુબ જ વિકસિત અને આકર્ષણનુ કેન્દ્ર રહી છે . આ સંસ્કૃતિના વિકાસમાં ઘણા બધા પરિબળોએ ભાગ ભજવ્યો છે . તે સમયનાં રાજાઓ , વેપારીઓ, મંત્રીઓ, સામંતો વગેરે દ્વારા બંધાવવામા આવેલ કલાત્મક કલાકૃતિઓ એ આપણી સંસ્કૃતિની ધરોહર છે . આથી તેની જાળવણી અને સંરક્ષણ એ આપણી આગવી જવાબદારી બની રહે છે.

વિશ્વસ્તરે આ પ્રકારની ધરોહરોની જાળવણી અને સંરક્ષણ માટે UNESCO (United Nations Educational, Scientific and Cultural Organization) નામની સંસ્થા કાર્ય કરે છે. આ સંસ્થા જે સ્થળો માનવોની મહામુલી સ્થાપત્ય સંપતિ છે તેનુ જતનની સાથે -સાથે તેનું સંરક્ષણ અને જાળવણી કરે છે . UNESCOની સ્થાપના 16 નવેમ્બ, 1946નાં રોજ થઈ હતી. ભારત તેનું 1946થી સભ્ય દેશ છે. આ સંસ્થાનુ મુખ્યાલય ફ્રાંસના પેરિસ શહેરમાં આવેલુ છે. હાલ તેમાં 196 દેશો તેના સભ્ય દેશો છે. જેમાં 7 સહયોગી દેશો અને 2 દેશો પર્યાવેક્ષક સભ્યો તરીકે કાર્ય કરે છે . તેના વધુ પડતાં ક્ષેત્રિય કાર્યાલયો ક્લસ્ટરના રૂપમાં કાર્ય કરે છે. દરેક ક્લસ્ટર અંતર્ગત 3-4 દેશો આવે છે. આમ, યુનેસ્કોના 27 ક્લસ્ટર કાર્યાલય અને 21 રાષ્ટ્રિય કાર્યાલયો છે.

**<u>કાર્ય</u> :**

યુનેસ્કોનુ મુખ્ય કાર્ય શિક્ષણ, પ્રાકૃતિક વિજ્ઞાન, સામાજિક તેમજ માનવ વિજ્ઞાન, સંસ્કૃતિ અને માહિતી પ્રસારણના આધારે પોતાની કામગીરી કરવાનુ છે . તેનાં દ્વારા શિક્ષણને પ્રોત્સાહન આપતા કાર્યક્રમોને ઉત્તેજન આપવુ અને વૈશ્વિક ધરોહરોનાં સ્થાપત્યો તેમજ ઉધ્યાનોને સંરક્ષણની સાથે -સાથે સહયોગ આપવું છે. દુનિયાભરનાં આંતરરાષ્ટ્રિય NGOમાંથી 332 આંતરરાષ્ટ્રિય NGO જ યુનેસ્કો સાથે સંકળાયેલા છે. ભારતનાં 142 સ્થાપત્યો યુનેસ્કો દ્વારા સંરક્ષિત જાહેર કરાયેલા છે. જેમાં ગુજરાતનાં રાણકી વાવ અને પાવાગઢ -ચાંપાનેરને યુનેસ્કો દ્વારા સંરક્ષણ પ્રાપ્ત થયેલુ છે . જેનાં વિશેનુ વિસ્તૃત વિવરણ આ પ્રમણે છે.

[1] <u>રાણકી વાવ</u> :

રાણકી વાવ એ ગુજરાતનાં પાટણ જીલ્લામાં આવેલી છે . જેને સોલંકી વંશનાં સ્થાપક મૂળરાજ સોલંકીનાં પુત્ર ભીમદેવ-1નાં પત્ની ઉદયમતીએ બંધાવી હતી . રાણકી વાવનું બાંધકામ ઉદયમતીએ તેનાં પતિની યાદમાં 1603 માં કરાવ્યુ હતું. આ વાવ પગથીયાવાળી ભવ્ય કોતરણીઓની કલાત્મકતાથી ભરપૂર છે કે જે વિશ્વસ્તરનાં પ્રવાસીઓને તેની કલાત્મક્તાને કારણે આધુનિક યુગની ચકાચોંદ જાહોજલ્લાલીથી દૂર કરી તેની કલાત્મક્તાને નિહાળવા માટે મજબૂર કરી દે છે.

આ વાવ ઘણા વિશાળ એવા વિસ્તારમાં ફેલાયેલી છે. રાણકી વાવ 7 માળ(સ્તર)ની છે. જેની લંબાઇ 64 મીટર, પહોળાઈ 20 મીટર અને ઊંડાઈ 27 મીટરની છે. તે ભારતમાં બનાવવામાં આવેલી બીજી અન્ય વાવોની સરખામણીમાં તેની કલાત્મક્તાને કારણે અલગ તરી આવે છે. રાણકી વાવનાં ઘણા બધા માળ (સ્તરો) કોતરાયેલા પિલરો અને 800

થી વધુ શિલ્પકૃતિઓથી ઘેરાયેલા છે . જેમાં વિષ્ણુના દશાવતારને દર્શાવેલા છે . આથી આ શિલ્પકૃતિઓ વધુ પડતી વિષ્ણુને સમર્પિત થયેલી છે. જેમાં નરસિંહ, વરાહ, રામ અને કલ્કિ અવતારનાં વધુ છે. વાવની દરેક દિવાલ અને પિલોર ખુબ જ સુંદર કોતરણીઓથી સુશોભિત થયેલી છે. જેમાં મહિસાસુર-મર્દિની એ બેનમુન કલાકૃતિ છે. તેમજ અપ્સરાની સોળ શૃંગારિક 16 અનન્ય ભાતની કોતરણીઓ છે.

આમ, આ રાણકી વાવ એ ગુજરાતની કલાત્મક્તા અને કોતરણીનો અમુલ્ય ખજાનો છે . જેમાં આપણી સંસ્કૃતિનાં દર્શન થાય છે. તેમજ આપણી સાંસ્કૃતિક કલાકૃતિની શ્રેષ્ઠતમ પણછ તેમાં છલકાય છે. આથી આ વાવની જાળવણી અને સંરક્ષણ એ ખાસ કરીને યુનેસ્કો દ્વારા થતા તે આપણી સંસ્કૃતિ માટે અતી મહત્વનુ પગલુ સાબિત થશે.

[2] <u>ચાંપાનેર-પાવાગઢ</u> :

ચાંપાનેર-પાવાગઢ એ ગુજરાતનુ ઐતિહાસિક ધરોહરોનુ અજોડ ઉધ્યાન છે . તે મહેલો, મંદિરો, કિલ્લાઓ અને મસ્જિદ તેમજ મકબરાથી ભરપુર એવુ ઐતિહાસિક સ્થાન છે . તે ચાંપાનેરની ફરતે ફેલાયેલું છે અને છેક પાવાગઢ સુધી તેનુ વિસ્તરણ થયેલુ છે . તેને યુનેસ્કો દ્વારા 2004મા સંરક્ષિત ઘોષિત કરવમાં આવેલ છે . જેમાં ઘણા બધા મહત્વનાં સ્થાપત્યો આવેલા છે. જેમ કે,

## <u>મંદિર</u>

### (1) મહાકાળી મંદિર :

અહિયા ત્રણ મંદિરોની હારમાળા આવેલી છે . જેમાં મહાકાળી માતા મંદિર , બહુચરા માતા મંદિર અને સડાનંદશાહ પીરની દરગાહ આવેલી છે. હિન્દુ શાસ્ત્રો પ્રમાણે જ્યારે માતા પાર્વતી અગ્નિકુંડમાં પડી અગ્નિસ્નાન કરી લે છે. ત્યારે તેનાં મૃતદેહને ઉપાડી ભગવાન શિવ આ સ્થળેથી પસાર થાય છે . જેમાં પાર્વતી માતાની ટચલી આંગળી આ જગ્યાએ પડે છે. આવી રીતે માતાના શરીરના 51 ટુકડા ભૂમિ પર પડે છે જે હિન્દુઓના 51 શક્તિપીઠો તરીકે પુજાય છે.

### (2) લકુલેશ મંદિર :

તે પાવાગઢ ડુંગરનુ સૌથી જૂનુ મંદિર માનવામાં આવે છે . જેનો 10મી કે 11મી સદિમાં પુન:રુધ્ધાર થયો હતો. તે હિન્દુ મંદિરોની કલાત્મક્તા પ્રમાણેના મંડપ અને ગર્ભગૃહોવાળુ મંદિર છે.

### (3) જૈન મંદિર :

જૈન મંદિરએ તેની કલાત્મક્તાને કારણે નિહારવા માટે મહત્વના છે. તે ત્રણ સમુહમાં વહેંચાયેલા છે. જેમાં પ્રથમ સમુહમાં ભવંડરી મંદિર , દ્વિતિય સમુહમાં જૈન સંત તીર્થાકર સુપાર્શ્વા અને તીર્થાકર ચંદ્રાપ્રભા તેમજ તૃતિય સમુહમાં પાર્શ્વનાથના મંદિરોનો સમુહ આવેલો છે.

## <u>મસ્જિદ</u>

### (1) જામા મસ્જિદ :

તે હિન્દુ અને મુસ્લિમ શૈલીની કલાકૃતિઓથી શણગારાયેલી છે. તે બે માળની ઘણા બધા પ્રાર્થના હોલની બનેલી છે કે જેમાં 200 પિલોર આવેલા છે. કેટલાક મકબરા (કબરો) મસ્જિદની નજીકમાં આવેલી છે.

### (2) નગિના મસ્જિદ :

તે 15મી સદિમાં બનેલી છે. તે બે માળની અને બાલ્કનીવાળી છે. તેનુ બાંધકામ સફેદ પથ્થરોથી કરેલુ છે. આ મસ્જિદનો ધુમટ પથ્થરોમાં થયેલુ લાલિત્યપૂર્ણ કોતરકામ અને આલંકૃત થયેલી બારીઓ અને પિલોરો તેની આગવી ઓળખ છે. કુલોના આકારની પથ્થરોમા થયેલી કોતરણી તેનુ મુખ્ય આકર્ષણ છે.

### (3) લીલા ગુંબજ કી મસ્જિદ :

તે ચાંપાનેરના પુર્વ ગેટ તરફ આવેલી છે . તેમાં ઉતર, દક્ષિણ અને પુર્વ દિશાઓમાં પ્રવેશ દ્વાર આવેલા છે . તેમાં વચ્ચેના ધુમટની ડિઝાઈન અને કલર તેમજ બહારનાં ત્રણ ધુમટ જોવા મળે છે.

**(4) બાવામન મસ્જિદ :**

તે બાવામન નામનાં મુસ્લિમ સંતને સમર્પિત છે . તેમાં પણ ત્રણ મોટા ધુમટ અને મશિનદો (ઉચો પાતળો મિનારો) આવેલો છે. આ ઉપરાંત બીજી કેટલીક મસ્જિદો શહર કી મસ્જિદ , કમાની મસ્જિદ, ઈક-મિનાર કી મસ્જિદ અને પંચ મહુડા કી મસ્જિદ ચાંપાનેર-પાવાગઢ આવેલી છે.

**કિલ્લાઓ :**

ચાંપાનેરનો કિલ્લો સોલંકી રાજાઓના કાળમાં બંધાયેલો છે . તે પાવાગઢની ટેકરી પર આવેલો છે . તેનુ વધુ પડતુ બાંધકામ ખીચી ચૌહાણ દ્વારા કરાવવામાં આવેલુ છે . તેઓનુ પતન 1484માં મહમુદ બેગડા દ્વારા થતાં તેનુ નવુ નામ મહમુદાબાદ ચાંપાનેર રાખ્યુ . ભારતનાં ઈતિહાસમાં મહાનતમ સંગિતજ્ઞમાનો એક બિર્જુ બાવરો પણ ચાંપાનેરનો વતની હતો. તદઉપરાંત મહમુદ બેગડો પણ ઉનાળાનો સમય આ કિલ્લામા રહીને પસાર કરતો હતો . ચાંપાનેર-પાવાગઢ સાઈટ એ પ્રકૃતિ પ્રેમિઓ માટેનુ અગત્યનુ સ્થળ બની રહે છે.

- પાવાગઢ કિલ્લામાં ઘણાબધા દરવાજાઓ આવેલા છે. જેમાં..

ગેટ નં-1 આક્રમણ દ્વાર- તે કિલ્લાની પશ્ચિમમાં આવેલ છે. તેમાં બે દ્વાર આવેલા છે.

ગેટ નં-2 બુધિયા દ્વાર- તે કિલ્લાની પશ્ચિમોતર ભાગમાં આવેલ છે.

ગેટ નં-3 મોતી દ્વાર- કિલ્લાનો ઉચાણવાળો ભાગ છે.

ગેટ નં-4 તેમાં મોટા પંચકોણીય બુરજ આવેલા છે.

ગેટ નં-5 ગુલન-બુલન દ્વાર- તેની પાછળ સત મસ્જિદ આવેલી છે.

ગેટ નં-6 બુલન્દ દરવાજા- કે જે 13મી સદીમાં કોઠાર પાસે બાંધવામાં આવેલો છે.

ગેટ નં-7 માકઈ દરવાજા- તેમાં કમાનવાળો ધુમટ અને તેની પાસેની દિવાલે ચોકી આવેલી છે.

ગેટ નં-8 તારાપોર દરવાજા

આમ, ચાંપાનેર-પાવાગઢ પુરાતાત્વિક ઉધ્યાનમાં ઘણાબધા સ્થળો આવેલા છે . કે જે જુદા જુદા સમયમાં જુદા જુદા રાજાઓ દ્વારા બંધાવવામાં આવેલ છે. તેમાં કસ્બી તળાવ, પતાઈ રાવલનો મહેલ, કબુતરખાના, બડા તળાવ, ખજૂરી મસ્જિદ જેવા ઘણા સ્થળો આવેલા છે . ચાંપાનેર-પાવાગઢ એ એક એવો કલાકૃતિ અને ઐતિહાસિક વારસાનો અઢળક ખજાનો છે કે જે જથ્થાબંધ એક સાથે એક જ જગ્યાએ પ્રાંત થાય છે.

**સમાપન :**

રાણકી વાવ અને ચાંપાનેર -પાવાગઢએ આપણી સંસ્કૃતિનું મુલ્યવાન ઘરેણું છે . આજે પણ ત્યાનાં સ્થાપત્યોને નિહાળતા આપણે જાણે કે સમય થોભી ગયો હોય તેવુ લાગે છે . તે આપણી સંસ્કૃતિ અને વારસાનો એક ઉત્તમ નમુનો છે . યુનેસ્કો દ્વારા તે વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે પસંદ કરતા આપણા આ વારસાનુ સંરક્ષણ અને જાળવણી વધુ સારી રીતે થશે. જેને કારણે આપણે આપણી આ વારસો -સંસ્કૃતિ આપણા પછી પણ ઘણી સદીઓ તેને નિહાળશે અને તે સમયની કલા-કૃતિઓની કારીગરીને નિહાળી શકશે. સંસ્કૃતિ તેને સમજી શકશે અને જાળવવાના વધુ સારા પ્રયાસો કરશે.

## સંદર્ભ


(1) ગુજરાતની અસ્મિતા -રજની વ્યાસ, અક્ષર પ્રકાશન

(2) વર્લ્ડ હેરિટેજ સાઈટ -ચાંપાનેર શિવાનંદ વી., અતુલ ભાર્ગવ પુરાતત્વ સંશોધન શાખા

(3) ગુજરાત સ્ટેટ પોર્ટલ -ગુજરાત સરકાર

(4) વર્તમાનપત્રો - ગુજરાત સમાચાર,સંદેશ,દિવ્ય ભાસ્કર